While fishing is considered as one of the major threats to the marine resources of the GOM area, there are other developmental activities that pose threats to the biodiversity of the area, such as the upcoming Sethusamudram canal project, and other industrial projects on the Tuticorin coast. These development structures may be outside of the protected area but pose a threat to the coral reefs and seagrass ecosystem of the park.

If we look from the conservation point of view, biosphere reserves serve as a limited conservation tool in view of the fact that they have no legal backing. In addition, unlike tiger reserves and other protected areas, financial support from the central government is also very limited.

*[Source: The International Collective in Support of Fishworkers (ICSF) http://www.icsf.net/]*

26 Protection, development, maintenance and research in biosphere reserves in India. Guidelines issued by the Ministry of Environment and Forests (2007). Available at envfor.nic.in/divisions/csurv/BR_Guidelines.pdf

## જીવ સૃષ્ટિ માટે અનામતો

કાનૂની જોગવાઈ હેઠળ સંરક્ષિત વિસ્તારના પ્રકારો ઉપરાંત ભારતે પણ જીવ સૃષ્ટિ માટે અનામતોઘોષિત કરી છે. UNESCO એ તેના માનવ અને જીવસૃષ્ટિ કાર્યક્રમમાં જીવસૃષ્ટિ અનામતની વિભાવના શરૂ કરી છે. આ બધા પૃથ્વીય કે સમુદ્ર તટિય/સમૂદ્રી નિવાસનતંત્રના જબરદસ્તવિસ્તારમાં પથરાયેલા પ્રાકૃતિક અને સાંસ્કૃતિકના ભૂમિદ્રશયોના પ્રતિનિધિરૂપ ભાગો છે કે બંનેનું મિશ્રણ છે.જીવાવરણ અનામતોને અલગ કાનૂની પ્રતિષ્ઠા અપાઈ નથી. તેને જૈવ વૈવિધ્યતા સંરક્ષણના પરિપેક્ષ્યમાં સંસાધન સંચાલન અને વિકાસ યોજનાની વિશદ દ્રષ્ટિથી જોવામાં આવે છે. ભારત સમુદ્ર કિનારાઓને તેના 10 માના એક જૈવ ભોગોલિક ઝોન તરીકે ઓળખે છે.[26]

## ગલ્ફ ઓફ મન્નાર નેશનલ પાર્ક (GOMNP) નો એક કિસ્સો અને જીવાવરણઅનામત

એવા ઘણા બનાવો છે કે જ્યાં નેશનલ પાર્ક કે અભયારણ્ય મોટા એવાજીવાવરણ અનામતનો એક ભાગ છે. આનું એક ઉદાહરણ ગલ્ફ ઓફ મન્નાર નેશનલ પાર્ક છે. 1986માં ગલ્ફ ઓફ મન્નાર પ્રદેશ રાષ્ટ્રીય સમુદ્ર ઉદ્યાન (મરિન નેશનલ પાર્ક) તરીકે વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન એક્ટ હેઠળ તામિલનાડું સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો. ગલ્ફ ઓફ મન્નારનો વિસ્તાર 560 કી.મિ. છે.તે તુતીકોરીન અને રામનાથપુરમ જિલ્લાની હદ બનાવતા 21 ટાપુઓ ધરાવે છે. આ નેશનલ પાર્કનું ઉદાહરણ હકોની સમસ્યાઓ અને મત્સ્ય કામદારોના તેમના પારંપારિક મત્સ્ય મેદાનોમાં પ્રવેશ-હક્ક અને મરીન નેશનલ પાર્ક જાહેર કરવામાં ઊભી થતી સમસ્યાઓ પર પ્રકાશ પાડે છે. આ પાર્ક અને તેના 10 કી.મિ. ઉભય વિસ્તાર જીવાવરણ અનામતતરીકે 1989માં જાહેર કરવામાં આવ્યા હતા.

જોકે નેશનલ પાર્ક 20 વર્ષ પહેલા જાહેર કરાયો હતો. તાજેતરના સમય સુધી માછીમારીનો પ્રતિબંધ ન હતો. 2002 થી જ મત્સ્ય કામદારોના પ્રવેશ-હક્ક પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. (રાજગોપાલન 2008) ટાપુઓની આજુબાજુ સીમાચિહ્ન બૉયાઓ 2006માં મૂકવામાં આવ્યા હતા અને મત્સ્ય કામદારોને અત્યારે પ્રવેશની રજા આપવામાં આવતી નથી અને બૉયાઓ દ્વ્રારા બનાવેલા સીમા-ચિહ્નની અંદરના જળમાં માછીમારી કરવા દેવામાં આવતી નથી. અહીના માછીમારો માટે આનો અર્થ એ થયો કે તેમના પ્રાથમિક માછીમારીની જગ્યાઓમાં પ્રવેશ-હક્કનો ઈનકાર. આ બાબત માછીમાર સમૂહ અને વન સંરક્ષકો વચ્ચે નિયમિત સંઘર્ષ અને અથડામણ તરફ દોરી ગઈ.

નેશનલ પાર્ક આજુબાજુના માછીમાર સમૂહોએ સમયે સમયે - મરીન નિવસનતંત્રમાંદી પડી રહી છે તેવા દેખાવો કરીને- સ્વ-નિયમનનો અમલ કર્યો, જેવા કે કાચબાના ઈંડા ભેગા કરવા પર પ્રતિબંધ અને શેવાળ વીણવાના દિવસોની સંખ્યામાં મર્યાદા. આ નિયમનોનું પાલન ગામલોકો દ્વારા નિમાયેલા સમૂહના જ ગાર્ડ દ્વારા કરવવામાં આવે છે. નિયમનોનું કડકાઈથી પાલન કરવવામાં આવે છે, ખાસ તો એ કે નિયમભંગ માટે દંડ છે, નિયમ ભંગ કરનારને ફોરેસ્ટ ગાર્ડને સોંપવામાં આવે તે સહિત.

માછીમારી GOM વિસ્તારના દરિયાઈસંશાધનો માટે મોટો ભય ગણવામાં આવે છે. અન્ય કેટલીક વિકાસની પ્રવૃતિઓ છે, જે વિસ્તારની જૈવવિવિધતા સામે જોખમ ઊભું કરે છે, જેવી કે સેતુ સમુદ્રમ કેનાલ પ્રોજેકટ અને અન્ય તુતીકોરીન કિનારા ઉપર ઔદ્યોગિક પ્રોજેક્ટ્સ. આ વિકાસ માળખાઓ સંરક્ષિત વિસ્તારની બહાર હોય શકે પરંતુ પાર્કની પરવાળા ચટ્ટાનો અને સામુદ્રી ઘાસના નિવસનતંત્ર માટે જોખમ ઊભું કરે છે.

જો આપણે સંરક્ષણના દષ્ટિ બિંદુથી જોઈએ તો જીવાવરણ અનામત એક મર્યાદિત સંરક્ષણ સાધન તરીકેઠીક છે, એવીહકીકત ધ્યાનમાં રાખીને કે તેને કોઈ કાનૂની પીઠબળ નથી. ઉપરાંત ટાઈગર રીઝર્વ અને અન્ય સંરક્ષિત વિસ્તારની જેમ, કેન્દ્ર સરકાર તરફથી નાણાકીય સહારો પણ ઘણો મર્યાદિત છે.

*[સ્ત્રોત: The International Collective in Support of Fishworkers (ICSF) http://www.icsf.net/]*

26 બાયોસ્ફિયરમાં રક્ષણ, વિકાસ, જાળવણી અને સંશોધન ભારતમાં અનામત છે. પર્યાવરણ અને વન (2007) મંત્રાલય દ્વારા જારી માર્ગદર્શિકા. envfor.nic.in/divisions/csurv/BR_Guidelines.pdf પર ઉપલબ્ધ



# 5.10 Coastal Regulation Zone (CRZ) notification

Protected areas are only one aspect of protection of the coastal and marine ecosystem. There are other ways of conserving coastal and marine biodiversity under the ‘ecosystem approach’ such as regulating the activities in coastal and marine ecosystems.

The main instrument regarding this in the Indian context is the CRZ Notification under the Environment Protection Act. The other significant aspect is the restrictions  on fishing along coastal areas. These two aspects are discussed in this section.

# 5.10 કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (CRZ) નોટિફિકેશન

રક્ષિત ક્ષેત્રો એ માત્ર કાંઠાળ અને દરિયાઈ નિવસનતંત્ર નું એક પાસું છે. ‘નિવસનતંત્ર એપ્રોચ’ હેઠળ કાંઠાળ અને દરિયાઈ જૈવવિવિધતાના સંરક્ષણ માટે કાંઠાળ અને દરિયાઈ નિવસનતંત્રમાં પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવા જેવા અન્ય રસ્તાઓ પણ છે.

આ બાબતમાં ભારતના સંદર્ભમાં પર્યાવરણ રક્ષણ કાયદા હેઠળ CRZ નોટિફિકેશન એ મુખ્ય સાધન છે.બીજું નોંધપાત્ર પાસું છે દરિયાકિનારા આગળ માછીમારી પર પ્રતિબંધ. આ વિભાગમાં આ બે પાસાંઓની ચર્ચા કરવામાં આવી છે.

## 5.10.1 CRZ Notification, 2011

The CRZ Notification, 2011, issued under the provisions of the EPA, 1986, supersedes the CRZ Notification of 1991. The CRZ Notification, 2011, was an outcome of detailed deliberation and consultation. The CRZ Notification has specific provisions with respect to protection of marine areas. The CRZ Notification is based on the classification of coastal areas into different categories. It is not a hierarchical classification, but rather a classification based on the geographical locations. One of the stated objectives of the CRZ Notification is to 'conserve and protect coastal stretches, its unique environment and its marine areas.' Further, it is stated that the purpose is to ensure livelihood security to the fisher communities and other local communities in coastal areas.

The main objectives of the CRZ Notification, 2011, are

- To ensure livelihood security to the fishing communities and other local communities living in the coastal areas;
- To conserve and protect coastal stretches; and
- To promote development in a sustainable manner based on scientific principles, taking into account the dangers of natural hazards in the coastal areas and sea level rise due to global warming.

The CRZ Notification imposes a range of restrictions and regulations in relation to various activities in the various categories. The CRZ Notification can be viewed as a significant legal instrument that provides for restrictions on the setting and expansion of industries, operations and processes in coastal stretches including creeks and the landward sides of the creek.

The CRZ Notification requires that the high tide line (HTL) be demarcated throughout the country by a demarcating authority which is authorized by the MoEFCC.

The CRZ Notification essentially regulates construction activities in the CRZ areas.

## 5.10.2 General prohibitions under CRZ

The general prohibition and regulations are mentioned in para 3 of the notification. It specifically prohibits the setting up of new industries and expansion of existing industries. However, the prohibition is not absolute, and certain industries and activities are allowed in CRZ. These include projects of the Department of Atomic Energy, power generation by nonconventional energy sources and setting up of desalination plants in areas other than CRZ.

In addition, reconstruction, repair works of dwelling units of local communities including fisher communities, fish drying and setting up hatchery are allowed. However, setting up and expansion of fish processing units including warehousing is specifically prohibited. Further, there is a restriction on reclamation, bunding or disturbing the natural course of seawater. However, there are exceptions to this rule, and construction and modernization of ports, harbours, jetties, sea link, etc., is permissible. Similarly, based on Environmental Impact Assessment (EIA) studies, measures for control of erosion, clearing of waterways, etc., are also allowed. Mining of sand, rock and substrata material is prohibited. However, extraction of rare minerals not available outside CRZ areas as well as oil and natural gas extraction is allowed.

## 5.10.3 General regulation under CRZ

The CRZ Notification stipulates that clearance 'shall' be given for any activity within the CRZ only if it requires waterfront and foreshore facilities.

## 5.10.1 CRZ નોટિફિકેશન, 2011

પર્યાવરણ રક્ષણ ધારા, 1986 હેઠળ બહાર પાડવામાં આવેલ CRZ નોટિફિકેશન, 2011 એ CRZ નોટિફિકેશન 1991ને અતિક્રમે છે. CRZ નોટિફિકેશન, 2011 વિગતવાર ચર્ચા વિચારણા અને સલાહ સૂચનની ફલશ્રુતિ હતી. CRZ નોટિફિકેશનમાં દરિયાઈ વિસ્તારના રક્ષણ સંબંધિત સ્પષ્ટ જોગવાઈઓ છે.CRZ નોટીફકેશન એ તટપ્રદેશના વિવિધ કક્ષાનાં વર્ગીકરણ પર આધારિત છે.તે કોઈ પરંપરાગત વર્ગીકરણ નથી, પરંતુ ભૌગોલિક સ્થિતિ આધારિત વર્ગીકરણ છે.તેના જણાવેલ હેતુ પૈકીનો એક તટપટ્ટી તેનું અનુપમ વાતાવરણ અને દરિયાઈ વિસ્તારનાં રક્ષણ અને જાળવણી છે.વધુમાં જણાવ્યું છે કે તેનો હેતુ માછીમાર પ્રજા અને તટપ્રદેશની અન્ય પ્રજાના જીવનનિર્વાહની કાળજી લેવાનો છે.

CRZ નોટિફિકેશન, 2011ના મુખ્ય ઉદેશ નીચે મુજબ છે

- માછીમાર પ્રજા અને તટપ્રદેશની અન્ય પ્રજાના જીવનનિર્વાહની કાળજી લેવી.
- કાંઠાળપટ્ટીનું જતન અને રક્ષણ કરવું.
- તટપ્રદેશની કુદરતી આફતો અને વૈશ્વિક ઉષ્ણતાને લીધે દરયાઈ સપાટીમાં વૃદ્ધિનાં જોખમો ધ્યાનમાં લઈ વૈજ્ઞાનિક સિદ્ધાંતો પર આધારિત ટકાઉ રીતે વિકાસવૃદ્ધિ.

CRZ નોટિફિકેશન વિવિધ પ્રવૃત્તિઓની વિવિધ ક્ક્ષાએ શ્રેણીબદ્ધ નિયંત્રણ લાદે છે. CRZ નોટિફિકેશનને ખાડીઓ, ખાડી વિસ્તારની જમીનો સહિતની કાંઠાળપટ્ટી પર ઉદ્યોગોની સ્થાપના, વિકાસ,સંચાલન અને પ્રક્રિયા પર નિયંત્રણ મૂકતા મહત્વના કાનૂની શસ્ત્ર તરીકે જોઈ શકાય.

CRZ નોટિફિકેશન દ્વારા એવું અપેક્ષિત છે કે MoEFCC દ્વારા અધિકૃત સીમાંકન સત્તાધિકારી દ્વારા દેશભરમાં ઉચ્ચ ભરતી રેખા (HTL) નું સીમાંકન થવું જોઈએ.

CRZ નોટિફિકેશન CRZ વિસ્તારમાં બાંધકામ પ્રવૃત્તિઓ પર જરૂરી નિયમન મૂકે છે.

## 5.10.2 CRZ હેઠળ સામાન્ય પ્રતિબંધ

સામાન્ય પ્રતિબંધ અને નિયંત્રણ નોટિફિકેશનના ફકરા-3માં દર્શાવેલ છે. તે નવા ઉદ્યોગોની સ્થાપના અને પ્રવર્તમાન ઉદ્યોગોના વિસ્તરણ પર સ્પષ્ટ રીતે પ્રતિબંધ મૂકે છે. તેમ છતાં પ્રતિબંધ પૂર્ણ નથી અને કેટલાક ઉદ્યોગો અને પ્રવૃત્તિઓનો CRZમાં પ્રવેશ માન્ય છે. જેમાં અણુઊર્જા, અપ્રણાલિકાગત ઊર્જાસ્ત્રોત દ્વારા વિદ્યુત ઉત્પાદનના વિભાગો અને CRZ સિવાયના વિસ્તારમાં ક્ષારમુક્તિના પ્લાન્ટ સ્થાપવાનો સમાવેશ થાય છે.

વધુમાં માછીમાર પ્રજા સહિતના સ્થાનિક લોકોના કામ કરતાં એકમોનું સમારકામ, પુર્નરચના, માછી સૂકવણી અને મત્સ્યઉછેર માન્ય છે. તેમ છતાં ગોદામો સહિતના માછલીના પ્રોસેસિંગ એકમોની સ્થાપના અને વિકાસ સ્પષ્ટપણે પ્રતિબંધિત છે. વધુમાં દરીયાઈ પાણીના કુદરતી વહેણ પર બંધન કરતાં ડેમ બાંધવા, ભૂમીકરણ કે વિતરણ પર પ્રતિબંધ છે. આમ છતાં આ નિયમને અપવાદ છે, અને બંદર, જેટ્ટી, પોર્ટ, સમુદ્રકડીઓવગેરે બાંધવાનું કે નવીનીકરણ કરવાની છૂટ છે. તે જ પ્રમાણે પર્યાવરણ પ્રભાવ આકારણી (EIA) ના અભ્યાસ આધારીત ધોવાણ અંકુશ, જળમાર્ગનું શુદ્ધિકરણ વગેરે કરવાની છૂટ છે. રેતી ખડક કે નિમ્નભૂસ્તરનું ખાણકામ પ્રતિબંધિત છે. તેમ છતાં CRZ વિસ્તારની બહાર અપ્રાપ્ય ખનીજ તેમજ તેલ અને કુદરતી ગેસના ક્ષારકામની છૂટ છે.

## 5.10.3 CRZ હેઠળ સામાન્ય નિયંત્રણ

CRZ નિર્દેશ કરે છે કે કિનારા અથવા ભરતી ઓટ વચ્ચેના સમુદ્રદેશની સુવિધા માટે જરૂરી જણાય તેવી કોઈ પ્રવૃત્તિ માટે મંજૂરી આપવામાં આવશે.

## 5.10.4 Coastal Zone Management Plan (CZMP)

The CRZ Notification provides for the preparation of a CZMP. It is specifically provided that all coastal states and union territories shall by January 2013 prepare a CZMP identifying and classifying CRZ areas in their respective territories.[27] All developmental activities mentioned in the CRZ Notification shall be regulated by the state government, union territory administration, local authority or the concerned coastal zone management authority within the framework of the approved CZMPs.

## 5.10.5 Implementation of the CRZ Notification

Violations of the CRZ Notification and compliance-related issues will attract the provisions of the EPA, 1986.

The enforcement of the notification shall be the primary responsibility of the state government or union territory coastal zone management authority.

## 5.10.6 Identification and classification of CRZ areas under the 2011 notification

### 1. CRZ-I (ECOLOGICALLY SENSITIVE)

Ecologically sensitive areas and the geomorphological features that play a primary role in maintaining the integrity of the coast

i. Mangroves, in case mangrove area is more than 1000 square metres, a buffer area of 50 metres shall be provided

ii. Corals and coral reefs and associated biodiversity

iii. Sand dunes

iv. Mudflats which are biologically active

v. National parks, marine parks, sanctuaries, reserve forests, wildlife habitats and other protected areas under the provisions of WPA, the Forest (Conservation) Act, 1980, or the EPA, 1986, including biosphere reserves encompassing

- Salt marshes
- Turtle nesting grounds
- Horseshoe crabs habitats
- Seagrass beds
- Nesting grounds of birds
- Areas or structures of archaeological importance and heritage sites

vi. The area between the low tide line (LTL) and the HTL.

### 2. CRZ-II (BUILT-UP AREA)

Areas which are developed up to or close to the shoreline and falling within municipal limits.

27 Para 5 (vi) of the EIA Notification, 2011.

## 5.10.4 તટપ્રદેશ સંચાલન યોજના (CZMP)

CRZ નોટિફિકેશન CZMP તૈયાર કરવાની જોગવાઈ કરે છે. એવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવે છે કે તમામ દરીયા કિનારાના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ જાન્યુઆરી 2013 સુધીમાં તેઓના સંબંધિત પ્રદેશોમાં CRZ વિસ્તાર નિર્ધારીત અને વર્ગીકૃત કરતી CZMP તૈયાર કરી નાંખવાની રહેશે.[27] CRZ નોટિફિકેશનમાં દર્શાવેલ તમામ પ્રવૃત્તિઓનું નિયમન રાજ્ય સરકાર, કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટ,સ્થાનિક સત્તાધિકારી કે માન્ય સીઝેડએમપી દ્વારા માન્ય માળખાં હેઠળની સંબંધિત કાંઠાળ પ્રદેશસંચાલન સત્તાધિકારીએ કરવાનું રહેશે.

## 5.10.5 CRZ નોટિફિકેશનનો અમલ

CRZ નોટિફિકેશન અને તેના અમલ સંબંધિત બાબતોના ઉલ્લંઘનના કિસ્સામાં પર્યાવરણ રક્ષણ ધારા EPA, 1986 ની જોગવાઈઓ લાગુ પડશે.

નોટિફિકેશન લાગુ કરવાની પ્રાથમિક જવાબદારી રાજ્ય સરકાર અથવા કેન્દ્રશાસિત પ્રદેશ કાંઠાળ ક્ષેત્ર પ્રબંધસત્તાધિકારીની રહેશે.

## 5.10.6 CRZ વિસ્તારનું 2011 નોટિફિકેશન હેઠળ નિર્ધારણ અને વર્ગીકરણ

### 1. CRZ પ્રથમ (પરિસ્થિતિકીય સંવેદનશીલ)

પરિસ્થિતિકીય સંવેદનશીલતા અને ભૌગોલિક લક્ષણો જે દરીયાની યથાસ્થિતિ જાળવી રાખવા મહત્વનો ભાગ ભજવે છે.

i. ચેર, જો ચેરનો વિસ્તાર 1000 ચોરસ મીટરથી વધુ હોય તો 50 મીટરનો અવકાશ વિસ્તાર પૂરો પાડવામાં આવશે.

ii. પરવાળાં,પરવાળાંની કરાડ (ધાર) અને સાથેની જૈવવિવિધતા.

iii. રેતીના ઢુવા

iv. કીચડ કે જે જૈવિક સક્રિય હોય,

v. નેશનલ પાર્ક,મરીન પાર્ક,અભ્યારણ્ય,રક્ષિત વન. જંગલી પ્રાણી આવાસ અને WPA વન સંરક્ષણ ધારો,1980 ની અથવા જૈવ ક્ષેત્ર અનામત વિસ્તાર સહિત EPA, 1986ની જોગવાઈ હેઠળ રક્ષિત.

- ક્ષાર કળણ
- કાચલાના ક્યારા
- નાળ-કરચલાની વસાહત
- દરીયાઈ ઘાસની જમીન
- પક્ષીઓના માળાની જગ્યા
- પુરાતત્વની દ્રષ્ટિએ મહત્વની ઈમારતો અને વારસાગત સ્થાનોનો વિસ્તાર

vi. ભરતી (HTL) અને ઓટ (LTL) રેખા વચ્ચેનો વિસ્તાર

### 2. CRZ દ્વિતીય (બાંધકામવાળો વિસ્તાર)

કાથાના વિસ્તાર સુધી કે નજીક વિકસિત વિસ્તાર કે જે મ્યુનિસિપલ હદમાં આવતો હોય.

27 EIA સૂચના, 2011 નો પેરા 5 (vi).

### 3. CRZ-III (RURAL AREA)

CRZ-III areas are those areas that are relatively undisturbed and do not fall under either category I or II and also include rural and urban areas that are not substantially developed.

### 4. CRZ-IV (WATER AREAS UPTO THE TERRITORIAL WATERS AND THE TIDAL-INFLUENCED WATER BODIES)

The aquatic area from the LTL up to territorial limits is classified as CRZ-IV including the area of the tidal-influenced water body.

## Activities permitted in different zones

### CRZ-I

1. No new construction shall be permitted in CRZ-I except
    - Projects relating to the Department of Atomic Energy; pipelines, conveying systems including transmission lines;
    - Facilities that are essential for activities permissible under CRZ-I;
    - Installation of weather radar for monitoring of cyclone movement and prediction by the Indian Meteorological Department;
    - Construction of trans-harbour sea link and roads on stilts or pillars without affecting the tidal flow of water, between LTL and HTL;
    - Development of a greenfield airport already permitted at only Navi Mumbai.

2. Between LTL and HTL in areas which are not ecologically sensitive, the following may be permitted
    - Exploration and extraction of natural gas;
    - Construction of dispensaries, schools, public rain shelter, community toilets, bridges, roads, jetties, water supply, drainage, sewerage which are required to meet the needs of traditional inhabitants living within the biosphere reserves after obtaining approval from the concerned Coastal Zone Management Authority (CZMA);
    - Salt harvesting by solar evaporation of seawater;
    - Desalination plants;
    - Storage of nonhazardous cargo such as edible oil, fertilizers and foodgrain within notified ports;
    - Construction of trans-harbour sea links, roads on stilts or pillars without affecting the tidal flow of water.

### CRZ-II

Buildings are permissible on the landward side of the existing road, authorized structure or hazard line where there are no authorized structures. Other activities such as desalination plants and storage of nonhazardous cargo are also permissible. The floor space index and floor area ratio for construction projects shall be as on February 1991 except for those specified in the CRZ Notification, 2011, which is mainly for slum redevelopment and redevelopment of dilapidated structures.

### 3. CRZ તૃતીય (ગ્રામ્ય વિસ્તાર)

CRZ- III, એટલે એ વિસ્તાર કે જે પ્રથમ કે દ્વિતીય કક્ષામાં ફાળવેલ ન હોય અથવા આવતો જ ન હોય અને ગ્રામ્ય અને પુરતા પ્રમાણમાં વિકસિત ન હોય તેવા શહેરી વિસ્તારમાં આવેલ હોય.

### 4. CRZ ચતુર્થ (પાણી છવાયેલ અને ભરતીના પાણીની અસર હેઠળનો પાણી વિસ્તાર)

ઓટની સીમાથી પ્રભાવગ્રસ્ત કદ સુધીની ભરતીના અસરગ્રસ્ત જળાશયો સહિતનો વિસ્તાર CRZ ચતુર્થ તરીકે વર્ગીકૃત છે.

## વિવિધ પ્રદેશોમાં ફાળવાયેલ પ્રવૃત્તિઓ

### CRZ-I

1. કોઈપણ નવા બાંધકામની મંજૂરી આપવામાં આવશે નહિ સિવાય કે –
    - પ્રક્લ્પ અણુઊર્જા,પાઈપલાઈન, ટ્રાન્સમિશન લાઈન સહિતની વાહન વ્યવસ્થાના ખાતાને લગતું હોય.
    - CRZ પ્રથમ હેઠળ માન્ય પ્રવૃત્તિ માટે સુવિધા જરૂરી હોય.
    - ભારતીય હવામાન ખાતા દ્વ્રારા વાવાઝોડાંની ગતિવિધિ અને પુર્વધારણા માટે હવામાન રડાર મૂક્વા.
    - એલટીએલ અને એચટીએલ વચ્ચે ભરતીના પાણીને અસર થયા વિના ટેકા (સ્ટીલ્ટ) અથવા થાંભલા પર ટ્રાંસ હાર્બર સી લીંક અથવા રસ્તાનું બાંધકામ.
    - માત્ર નવી મુંબઈમાં પરવાનગી આપેલ હરીત ભૂમિ હવાઈમથકનું વિકાસકામ.

2. પર્યાવરણીય સંવેદનશીલ ન હોય તેવા એલટીએસ તથા એચટીએલ વિસ્તારમાં નીચેની પ્રવૃત્તિને પરવાનગી છે.
    - કુદરતી ગેસ સંશોધન ક્ષારકામ
    - સંબંધિત દરિયાઈ સંચાલન સત્તા (CZMA) ની મંજૂરી મેળવી જૈવ ક્ષેત્ર અનામત વિસ્તારમાં પ્રણાલિકાગત રીતે રહેતા વસાહતીઓની જરુરીયાત માટે દવાખાનું, શાળા, જાહેર વરસાદી આશ્રય,જાહેર શૌચાલય,પુલ, રસ્તા, જળપુરવઠો, ગટર વ્યવસ્થા વગેરે સ્થાપવા.
    - દરિયાઈ પાણીના સૌર બાષ્પીભવન દ્વારા ક્ષાર અંકુશ.
    - ખારાશ દૂર કરવાની પ્રક્રિયાને લગતા પ્લાન્ટ,
    - ખાદ્યતેલ રાસાયણિક ખાતર અનાજ જેવા બીનજોખમી માલનો નક્કી કરેલ બંદરો પર સંગ્રહ.
    - ભરતીના પાણીને અસર થયા વિના ટેકા (સીલ્ટ)અથવા થાંભલા પર ટ્રાન્સ હાર્બર સી.લીંક અથવા રસ્તાનું બાંધકામ.

### CRZ-II

હાલના રસ્તા અધિકૃત બાંધકામ અથવા જોખમી રેખા જ્યાં અધિકૃત બાંધકામ ન હોય ત્યાં બાંધકામની છૂટ છે.ડીસેલેશન (ક્ષારમુક્તિ) પ્લાન્ટસ અને બીન જોખમી માલના સંગ્રહની પણ છૂટ છે. CRZ 2011માં નક્કી કરેલ હોય એ બાંધકામ યોજનાઓ તે સિવાય ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ અને ફ્લોર એરીયા રેશીયો ફેબ્રુઆરી, 1991મુજબનો રહેશે. જે મુખ્યત્વે પછાત પુર્નવિકાસ અને જર્જરીત બાંધકામના પુર્નવિકાસ માટે હોય.

### CRZ-III

All permissible activities for CRZ-III as listed in the CRZ Notification, 1991, are retained in the notification. Between 0 and 200 metres from HTL is a No Development Zone (NDZ) where no construction shall be permitted. Only certain activities relating to agriculture, horticulture, gardens, pasture, parks, playfield, forestry, projects of Department of Atomic Energy, mining of rare minerals, salt manufacture from seawater, facilities for receipt, storage, regasification of petroleum products and liquefied natural gas, facilities for generating power by nonconventional energy sources and certain public facilities may be permitted in this zone.

Between 200 and 500 metres of HTL, construction and repair of houses of local communities, tourism projects including a greenfield airport at Navi Mumbai, facilities for receipt, storage, degasification of petroleum products and liquefied natural gas, storage of nonhazardous cargo, desalination plants, and facilities for generating power by nonconventional energy sources are permissible.

### CRZ-IV

In CRZ-IV areas, there is no restriction on the traditional fishing and allied activities undertaken by local communities. However, no untreated sewage, effluents or solid waste shall be let off or dumped in these areas. A comprehensive plan for treatment of sewage generated from the city must be formulated within a period of one year from the date of issue of this notification and be implemented within two years thereafter.

**A separate draft Island Protection Zone Notification has been issued for protection of the islands of Andaman & Nicobar and Lakshadweep under EPA, 1986.**

With respect to MPAs, the CRZ categories which are relevant are CRZ-I and CRZ-IV. In addition, new categories such as 'Critical Vulnerable Coastal Area' are also relevant.

## 5.10.7 New provisions contained in the 2011 notification to benefit the fisherfolk community

Since the fishing communities traditionally live in the coastal areas, they have been given primary importance when drafting the CRZ Notification, 2011. One of the stated objectives of the notification is 'to ensure livelihood security to the fisher communities and other local communities, living in the coastal areas … and to promote development through sustainable manner based on scientific principles taking into account the dangers of natural hazards in the coastal areas, sea level rise due to global warming.'

The following are the provisions in the 2011 notification that address the issues relating to fishermen community:

1. Water area up to 12 nautical miles and the tidal-influenced water bodies have been included under the CRZ areas in order to
   - Control the discharge of untreated sewage and effluents and the disposal of solid wastes as such activities endanger the fish and their ecosystem
   - Conserve and protect habitats in the marine area such as corals and coral reefs and associated biodiversity, marine sanctuaries and biosphere reserves, and seagrass beds, which act as spawning, nursery and rearing grounds for fish and fisheries

### CRZ-III

CRZ- III જાહેરાત 1991ની યાદી મુજબની તમામ છૂટપાત્ર પ્રવૃત્તિઓ જાહેરાતમાં કાયમ રાખવામાં આવી છે. એચટીએલ થી 0 થી 200 મીટર વચ્ચેનો વિકાસ ઝોન ( NDZ)જ્યાં કોઈ બાંધકામની છૂટ નથી. માત્ર ખેતી, બાગકામ,બગીચા,ઘાસભૂમિ,ઉદ્યાન,ખેલ મેદાન વનપેદાશ, અણુઊર્જાના ખાતાની યોજના,અલભ્ય ખનીજનું ખાણ કામ, દરીયાઈ પાણીમાંથી મીઠું પકવવાના પેદાશ અને પ્રવાહી કુદરતી ગેસ મેળવવા સંગ્રહ કરવા અને રીસેસીફીકેશન (પુન:વાયુકરણ) પ્રણાલિકાગત ઊર્જાસ્તોત્રમાંથી ઊર્જા ઉત્પન્ન કરવા અને કેટલીક જાહેર સુવિધાની પ્રવૃત્તિ માટે છૂટ છે.

એચટીએલ થી 200થી 500 મીટર વચ્ચે સ્થાનિક પ્રજાના ઘરો બાંધવા અને સમારકામ,નવીમુંબઈમાં હરીત ભૂમી હવાઈમથક સહિત પ્રવાસ યોજનાઓ,પેટ્રોલિયમ પેદાશ અને કુદરતી ગેસ મેળવવા સંગ્રહ કરવા અને ડીગેસીફીકેશન (વાયુ સ્વરુપ ફેર),બીનજોખમી માલ સંગ્રહનો કરવો અને ક્ષાર દૂર કરવાના પ્લાન્ટ અને બિન પ્રણાલિકાગત ઊર્જાસ્ત્રોતમાંથી ઊર્જા ઉત્પન્ન કરવાની છૂટ છે.

### CRZ-IV

CRZ ચતુર્થ વિસ્તારમાં સ્થાનિક પ્રજા દ્વારા કરવામાં આવતી પ્રણાલિકાગત અને આનુસંગિક પ્રવૃત્તિ પર કોઈ નિયંત્રણ નથી.તેમ છતાં આ વિસ્તારમાં બેકાળજી ગ્રસ્ત ગટર,પ્રવાહી કે ઘન ક્ચરો રહેવા કે જમા થવા દેવામાં આવશે નહી. શહેરમાંથી ઉત્પન્ન થતાં ગટર કચરા અંગે સઘન યોજના આ જાહેરનામું ન જાહેર થયાની તારીખથી એક વર્ષમાં તૈયાર કરવાની રહેશે અને ત્યારબાદ બે વર્ષમાં અમલમાં મૂકવાની રહેશે.

**આંદામાન-નિકોબાર અને લક્ષદ્વીપ ટાપુઓનાં રક્ષણ માટે ઈપીએ, 1986 હેઠળ અલગથી આઈલેન્ડ પ્રોટેક્શન ઝોન નોટિફિકેશનનો અલગ મુસદ્દો બહાર પાડવામાં આવેલ છે.**

એમપીએને અનુલક્ષીને CRZ પૈકી CRZ પ્રથમ અને CRZ ચતુર્થ સંબંધિત છે. વધુમાં ભારે 'સંવેદનશીલ દરિયાઈ વિસ્તાર' પણ સંબંધિત છે.

## 5.10.7 માછીમાર પ્રજાના લાભ માટે 2011 નોટિફિકેશનમાં સમાવિષ્ટ નવી જોગવાઈઓ

માછીમાર પ્રજા પ્રણાલિકાગત રીતે કાંઠાળ પ્રદેશમાં રહેતી હોઈ તેઓને CRZ નોટિફિકેશન, 2011 નો મુસદ્દો તૈયાર કરતી વખતે પ્રાથમિક મહત્વ આપવામાં આવેલ છે. નોટિફિકેશનમાં જણાવેલ હેતુઓ પૈકીનો એક નીચે મુજબ છે."માછીમાર પ્રજા અને સ્થાનિક પ્રજાના જીવનનિર્વાહની સલામતીની કાળજી લેવી અને કાંઠાળ પ્રદેશમાં કુદરતી આફતો અને વૈશ્વિક ઉષ્ણતાને લીધે દરિયાની સપાટીની વૃદ્ધિનાં જોખમો ધ્યાનમાં લઈ વૈજ્ઞાનિક સિદ્ધાંતો પર આધારિત કાયમી રીતે વિકાસ વૃદ્ધિ કરવી."

માછીમાર પ્રજાને લગતી 2011ના નોટિફિકેશનની જોગવાઈઓ નીચે મુજબ છે:

1. CRZ વિસ્તારમાં નીચેની બાબતો અંગે 12 સામૂદ્રિક માઈલનો જળવિસ્તાર અને ભરતીના અસરગ્રસ્ત જળવિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ છે.
   - દુર્લક્ષ સેવવામાં આવેલ ગટર અને પ્રવાહી તથા ઘન કચરાના નિકાલ પર અંકુશ રાખવો કારણ કે તે માછલી અને પર્યાવરણ પદ્ધતિ માટે જોખમ ઊભું કરે છે.
   - પરવાળાં અને પરવાળાંના ખડકો અને સંલગ્ન જૈવવિવિધતાઓ સામુદ્રિક અભયારણ્ય અને ભૂ-પૃષ્ઠની અનામત દરિયાઈ ઘાસનાં મેદાન કે જે માછલીઓ અને મત્સ્યોદ્યોગ માટે ઇંડા સેવવા, ઉછેરવા અને વૃદ્ધિ માટે મેદાનો પૂરા પાડે છે, તેવા દરિયાઈ વિસ્તારનું જતન અને રક્ષણ કરવું.

- Regulate activities in the marine and coastal waters such as dredging, sand mining, discharge of waste from ships, construction like groynes (barriers in the sea to prevent erosion), breakwaters, etc., including reclamation which have serious impacts on fishing and allied activities
- Enable studies of the coastal and marine waters with regard to the impact of climate change and the occurrence of disasters which have serious impacts on the livelihood and property of the fisherfolk communities. It may be noted that no restrictions are being imposed on any fishing activities and allied activities of the traditional fishing communities in this area.

2. At several coastal stretches of the country, the fishermen and their dwelling units are in danger due to erosion which is occurring primarily due to man-made activities. The development of such man-made foreshore activities shall be regulated after identifying and demarcating the coast as falling in the high eroding category, the medium eroding category or the stable sites category.
3. While preparing the CZMPs, the infrastructures essential for fishing communities must be clearly demarcated and fishing zones in the water bodies and the fish breeding areas shall also be clearly marked.
4. The 2011 notification requires the Coastal Zone Management
5. Authorities to invite comments on the draft CZMP from stakeholders. This will ensure that for the first time, local communities, including fishermen communities, will have a say in the preparation of the CZMPs.
6. The notification allows infrastructural facilities for the local fishing communities to be constructed in the CRZ-III area.
7. Reconstruction and repair works of dwelling units of local communities including fisheries in accordance with local Town and Country Planning Regulations have been made permissible.
8. In CRZ-III areas where 0–200 metres is a NDZ, to meet the demands of dwelling units of traditional coastal communities including fisherfolk, the NDZ has been reduced to 100 metres. Hence, dwelling units of such communities can be constructed 100–200 metres from the HTL along the seafront with the approval of the state government and the MoEFCC.

**Greater Mumbai:** For the traditional fishing communities (viz., the Kolis) living in *Koliwadas* Greater Mumbai, a provision has been provided, wherein the area concerned shall be mapped and declared as CRZ-III, and development including construction and reconstruction can be taken up as per local town and country planning regulations.

Goa: The government of Goa shall survey and map the fishing villages all along the Goa coast and all facilities required for fishing and allied activities shall be provided. As per the CRZ Notification, 1991, expansion/reconstruction/repair of dwelling units of local communities in CRZ areas was viewed as violations of the notification if the requisite permission had not been taken from the authorities. Such units (approx.. 5000) were ordered to be demolished by the Hon'ble High Court of Mumbai. However, the 2011 notification provides that reconstruction and repair of the structures of local communities shall also be permissible in CRZ areas.

- દરિયાઇ અને કિનારાના જળવિસ્તારમાં ડ્રેગિંગ, રેત ખનન, વહાણના કચરાનો નિકાલ, પુરતા (ધોવાણ અટકાવવા દરિયામાં તૈયાર કરાતા અવરોધો)નું બાંધકામ, જળ અવરોધો વગેરેની રીક્લેમેશન સહિતની પ્રવૃત્તિઓ કે જેની માછીમારી અને અન્ય પ્રવૃત્તિઓ પર ગંભીર અસર થાય છે, તેનું નિયમન કરવું.
- માછીમાર પ્રજાના જીવનનિર્વાહ અને મિલકત અસરકર્તા હવામાનમાં ફેરફાર અને આપત્તિની સંભાવનાઓને અનુલક્ષીને કાંઠાળ અને દરિયાઇ પાણીના અભ્યાસને પ્રોત્સાહન આપવું. એ ધ્યાનમાં લેવાનું રહે છે કે આ વિસ્તારમાં તેની પ્રણાલિકાગત માછીમાર પ્રજા દ્વારા કરવામાં આવતી કોઈ પણ માછીમારી કે અન્ય આનુસંગિક પ્રવૃત્તિ પર કોઈ નિયંત્રણ નથી.

2. દેશની કેટલીક દરિયાઇ પટ્ટી પરના માછીમારો અને તેમનાં રહેઠાણ એકમો પ્રાથમિક રીતે માનવસર્જિત પ્રવૃત્તિના કારણે ઉદભવતાં ધોવાણને લીધે જોખમમાં છે. આવી માનવસર્જિત તટ પ્રદેશની પ્રવૃત્તિઓ કિનારાના પ્રદેશની ઉચ્ચ ધોવાણ કક્ષા, મધ્યમ ધોવાણ કક્ષા અને સંતુલિત જગ્યાની કક્ષામાં નિશ્ચિત થયા અને રેખાંકન થયા બાદ ખ્યાલમાં આવશે.

3 CZMPs તૈયાર કરતી વખતે માછીમાર પ્રજા માટે જરૂરી પાયાની સુવિધાઓ સ્પષ્ટપણે દર્શાવવાની રહેશે. અને જળપ્રદેશમાં માછીમાર ક્ષેત્ર અને મત્સ્યઉછેર વિસ્તાર પણસ્પષ્ટપણે દર્શાવવાનો રહેશે.

4. 2011ના નોટિફિકેશન માટે કાંઠાળ ક્ષેત્રનો પ્રબંધ સંચાલન જરૂરી છે.
5. સત્તાધિકારીઓએ સીઝેડએમપીના મુસદ્દા પર હિતધારકોની ટિપ્પણી મંગાવવાની રહેશે. જેથી પ્રાથમિક તબક્કાની CZMP તૈયાર કરતી વખતે માછીમાર પ્રજા સહિતની સ્થાનિક પ્રજાના સૂચનો છે કે કેમ એ નક્કી કરવાનું રહેશે.
6. નોટિફિકેશન, CRZ તૃતીયના વિસ્તારમાં સ્થાનિક માછીમાર પ્રજા માટે પાયાની સુવિધાઓનાં બાંધકામ માટે પરવાનગી આપે છે.
7. સ્થાનિક શહેર અને ગ્રામ્ય આયોજન નિયમન મુજબ માછીમારી સહિતની સ્થાનિક પ્રજાના રહેઠાણના એકમોની પુન:રચના અને સમારકામને મંજૂરી આપવામાં આવેલ છે.
8. CRZ તૃતીયનો વિસ્તાર જ્યાં 0-200 મીટર એનડીઝેડ છે, ત્યાં માછીમાર પ્રજા સહિતના પરંપરાગત કાંઠાળ વિસ્તારની પ્રજાના રહેઠાણના એકમોની માંગને પહોંચી વળવા NDZ ઘટાડીને 100 મીટર કરવામાં આવેલ છે. જેથી રાજ્ય સરકાર અને MoEFCC ની મંજૂરી લઈ દરિયાકાંઠાને સમાંતર એચટીએલથી 100-200 મીટરમાં આવી પ્રજાના રહેઠાણનું બાંધકામ કરી શકાય.

**બૃહદ મુંબઈ:** બૃહદ મુંબઈના કોલીવાડામાં રહેતી પ્રણાલિકાગત માછીમાર પ્રજા, (દા.ત. કોલી) માટે જોગવાઈ કરવામાં આવેલ છે કે જ્યારે સંબંધિત વિસ્તાર CRZ-III તરીકે આકૃત અને જાહેર કરવામાં આવે ત્યારે બાંધકામ અનેપુન: રચના સહિતની વિકાસ પ્રવૃત્તિ સ્થાનિક શહેર અને ગ્રામ્ય આયોજન નિયમન મુજબ કરવાનું રહેશે.

ગોવા: ગોવા સરકાર સર્વેક્ષણ કરશે અને સંપૂર્ણ ગોવાના કિનારે માછીમારી કરતાં ગામનો નક્શો બનાવશે અને બધી માછીમારીઅને અન્ય સબંધિત પ્રવ્રતિઓ માટે સગવડતાઓ આપવામાં આવશે. CRZ નોટિફિકેશન 1991 મુજબ સ્થાનિક સમૂહના CRZ માં આવેલા રહેણાક ઘરોનું વિસ્તરણ/પુન: બાંધકામ/મરામત નોટિફિકેશનના ભંગ તરીકેજોવામાં આવશે, જો સત્તા પાસેથી પરવાનગી નહીં લીધી હોય તો. માનનીય મુંબઈ હાઈકોર્ટે આવા ઘરો (અંદાજે 5000 ) પાડી નાખવા માટે હુકમ કર્યો હતો. છતા,2011 નોટિફિકેશન જોગવાઈ કરે છે કે સ્થાનિક સમૂહોના માળખાના પુન:બાંધકામ અને મરામત પણ CRZ એરીયામાં પરવાનગી પાત્ર બનશે.




**Figure: Different CRZ ZONES along the coast**
(Source: http://www.kadamenviro.com/CRZ-Clearance.html)




**આકૃતિ: દરિયાકિનારે વિવિધ CRZ પરિક્ષેત્રો**
(સ્ત્રોત: http://www.kadamenviro.com/CRZ-Clearance.html)


NILESH

# 5.11 Environmental Impact Assessment (EIA) Notification, 1994

EIA is an important management tool for ensuring optimal use of natural resources for sustainable development. A beginning in this direction was made in our country with the impact assessment of river valley projects in 1978–79, and the scope has subsequently been enhanced to cover other developmental sectors such as industries, thermal power projects and mining schemes. To facilitate collection of environmental data and preparation of management plans, guidelines have been evolved and circulated to the concerned central and state government departments. EIA has now been made mandatory under the EPA, 1986, for 29 categories of developmental activities involving investments of Rs. 50 crores and above.



# 5.11 એન્વાયર્નમેન્ટલ ઈમ્પેક્ટ અસેસમેન્ટ (EIA) નોટીફીકેશન, 1994

EIA ટકાઉ વિકાસ માટે કુદરતી સંશાધનોના શ્રેષ્ઠ ઉપયોગની ખાતરી કરવા માટે એક મહત્વપૂર્ણ વ્યવસ્થાપન સાધન છે. આપણા દેશમાં આ દિશામાં શરૂઆત 1978-79 માં ઈમ્પેક્ટ ઓફરીવર વેલી પ્રોજેક્ટની સાથેકરવામાં આવી હતી, અને આ કાર્યક્ષેત્રને ઉદ્યોગ, થર્મલ પાવર પ્રોજેક્ટ અને ખાણકામ યોજનાઓ જેવા અન્ય વિકાસલક્ષી ક્ષેત્રોને આવરી લેવા વધારવામાં આવ્યો છે. પર્યાવરણીય માહિતીઅને વ્યવસ્થાપન યોજનાઓની તૈયારીના સંગ્રહની સુવિધા આપવા, માર્ગદર્શિકા વિકસાવવામાં આવી છે અને સંબંધિતકેન્દ્ર અને રાજ્ય સરકારના વિભાગોમાં વિતરિત કરવામાં આવી છે. EIA હવે રૂ. 50 કરોડ અને તેનાથી વધુના રોકાણને સમાવતી વિકાસલક્ષી પ્રવૃત્તિઓની 29શ્રેણીઓ માટે EPA, 1986 હેઠળ ફરજિયાત કરવામાં આવી છે.



# 5.12 Wetlands (Conservation and Management) Rules, 2010

Wetlands are areas of land where the water level remains near or above the surface of the ground for most of the year. The association of human and wetlands is ancient, with the first signs of civilization originating in wetland habitats such as the flood plains of the Indus, the Nile Delta and the Fertile Crescent of the Tigris and Euphrates rivers. Wetlands cover about 6% of the earth's land surface. There are several kinds of wetlands such as marshes, swamps, lagoons, bogs, fens and mangroves. They are home to some of the richest, most diverse and fragile of natural resources. As they support a variety of plant and animal life, biologically they are one of the most productive ecosystems.

India has a wealth of wetland ecosystems distributed in different geographical regions. Most of the wetlands in India are directly or indirectly linked with major river systems such as the Ganges, Cauvery, Krishna, Godavari and Tapti. India has totally 27, 403 wetlands, of which 23,444 are inland wetlands and 3,959 are coastal wetlands. According to the Directory of Asian Wetlands (1989), wetlands occupy 18.4% of the country's area (excluding rivers), of which 70 % are under paddy cultivation. In India, out of an estimated 4.1 mha (excluding irrigated agricultural lands, rivers, and streams) of wetlands, 1.5 mha are natural, while 2.6 mha are manmade. The coastal wetlands occupy an estimated 6,750 sq km, and are largely dominated by mangrove vegetation. About 80% of the mangroves are distributed in the Sunderbans of West Bengal and the Andaman and Nicobar Islands, with the rest in the coastal states of Orissa, Andhra Pradesh, Tamil Nadu, Karnataka, Kerala, Goa, Maharashtra and Gujarat.

India's wetlands are generally differentiated into 8 categories depending on their regional presence (Scott, 1989):

- The reservoirs of the Deccan Plateau in the south, together with the lagoons and other wetlands of the southwest coast
- The vast saline expanses of Rajasthan, Gujarat and the Gulf of Kutch
- The freshwater lakes and reservoirs from Gujarat eastwards through Rajasthan (Keoladeo Ghana National Park) and Madhya Pradesh
- The delta wetlands and lagoons of India's east coast (Chilka Lake)
- The freshwater marshes of the Gangetic Plains and the floodplains of the Brahmaputra
- The marshes and swamps in the hills of northeast India and the Himalayan foothills
- The lakes and rivers of the mountain region of Kashmir and Ladakh
- The mangroves and other wetlands of the Andaman and Nicobar Islands.

Many people consider wetlands as unproductive areas and hence destroy or drain them for developmental activities. However, the importance and usefulness of wetlands was first brought to the notice of the world through a Convention on Wetlands held at the Iranian city Ramsar, in the year 1971.

*Wetland Conservation and Management Rules ensure better management, conservation and prevention of degradation of existing wetlands.*



# 5.12 જલપ્લાવિત વિસ્તાર (સંરક્ષણ અને સંચાલન) રૂલ્સ, 2010

જલપ્લાવિત વિસ્તાર એ જમીનનો એવો ભાગ છે, જ્યાં વર્ષના મોટાભાગે પાણીનું સ્તર જમીનની સપાટી નજીક કે જમીનથી ઉપર રહે છે. માનવ અને આવા વિસ્તારનો સંબંધ અત્યંત પ્રાચીન છે. જળપ્લાવિત વિસ્તારમાં વસવાટ સાથે માનવ સભ્યતાના ઉદભવનું પ્રથમ ચિહ્ન ઈન્ડસનાં પૂર પ્રભાવિત મેદાનો, નાઈલનો મુખપ્રદેશ અને ટિગ્રિસ અને યુફ્રેટીસ નદીઓનો અર્ધચંદ્રાકાર ફળદ્રુપ પ્રદેશ છે. જળપ્લાવિત વિસ્તાર એ પૃથ્વીના ભૂ-ભાગનો લગભગ 6% ભાગ રોકે છે. જળપ્લાવિત વિસ્તારનીભેજવાળી જમીન, ભેજવાળી પોચી જમીન, સરોવરો, કળણ, ફેન્સ અને ચેરનાં જંગલો જેવા અનેક પ્રકારો છે. આ પ્રદેશો અતિ સમૃદ્ધ, સૌથી વૈવિધ્યપૂર્ણ એવા કેટલાક કુદરતી સંશાધનોનું ઘર છે. જે રીતે તેઓ વન્ય અને પ્રાણીસૃષ્ટિના વૈવિધ્યને પોષે છે, જૈવીય રીતે તે સૌથી ફળદ્રુપ નિવસનતંત્ર છે.

ભારત તેના વિવિધ ભૌગોલિક ક્ષેત્રોમાં વહેંચાયેલી સમૃદ્ધ જળપ્લાવિત વિસ્તારનિવસનતંત્ર ધરાવે છે. ભારતની મોટાભાગની જળપ્લાવિત વિસ્તાર સીધી કે આડકતરી રીતે ગંગા, ક્રિષ્ના, ગોદાવરી અને તાપી જેવી મોટી નદીઓ સાથે જોડાયેલી છે. ભારત કુલ 27,403 જળપ્લાવિત વિસ્તાર ધરાવે છે, જેમાંથી 2,3444 એ આંતરિક જળપ્લાવિત વિસ્તાર છે, જ્યારે 3,959 કાંઠાળ જળપ્લાવિત વિસ્તાર છે. ડિરેક્ટરી ઓફ એશિયન જળપ્લાવિત વિસ્તાર (1989) મુજબ જળપ્લાવિત વિસ્તાર એ દેશના સમગ્ર વિસ્તારનો 18.4% ભાગ (નદીઓ સિવાય) રોકે છે, જેમાંથી 70% માં ડાંગરનો પાક લેવાય છે. ભારતમાં, અંદાજિત 4.1 mha (સીંચાઈયુક્ત ખેતીની જમીનો, નદીઓ, ઝરણાં સિવાય) જળપ્લાવિત વિસ્તારમાંથી 1.5 mha કુદરતી છે, જ્યારે 2.6 mha માનવસર્જિત છે.કાંઠાળ જળપ્લાવિત વિસ્તારલગભગ 6,750 ચો.કિ.મી. જેટલો વિસ્તાર રોકે છે અને એમાંય મોટાભાગમાં ચેર વનસ્પતિ છવાયેલી છે. લગભગ 80% જેટલાં ચેરવનો પશ્ચિમ બંગાળનાં સુંદરવનો અને આંદામાન-નિકોબાર ટાપુઓમાં વહેંચાયેલાં છે, જ્યારે બાકીના ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, તામિલનાડુ, કર્ણાટક, કેરાલા, ગોવા, મહારાષ્ટ્ર અને ગુજરાત જેવા કાંઠાળ રાજ્યોમાં છે.

ભારતીય જળપ્લાવિત વિસ્તાર સામાન્ય રીતે તેની ક્ષેત્રીય ઉપસ્થિતિના આધારે 8 વર્ગોમાં વિભાજિત કરવામાં આવેલ છે (સ્કોટ, 1989)

- શ્રેણીઓમાં વહેંચવામાં ડેક્કનના ઉચ્ચપ્રદેશનાં જળાશયો, ખારાં પાણીનાં સરોવરો સાથે અને દક્ષિણ-પશ્ચિમ કાંઠાના અન્ય જળપ્લાવિત વિસ્તાર.
- કચ્છની ખાડી, ગુજરાત અને રાજસ્થાનમાં ફેલાયેલો ખારોપાટ.
- રાજસ્થાન (કીઓ-લાડેઓ ઘાના નેશનલ પાર્ક) થઈને ગુજરાત અને મધ્યપ્રદેશનાં મીઠાં પાણીનાં સરોવરો અને જળાશયો.
- ભારતના પશ્ચિમ કાંઠાના નદીના મુખત્રિકોણીય જળપ્લાવિત વિસ્તાર અને ખારાં પાણીનાં સરોવરો (ચિલ્કા સરોવર).
- ગંગાનાં મેદાનોની મીઠાં પાણીની ભેજવાળી જમીન અને બ્રહ્મપુત્રાનાં પૂરવાળાં મેદાનો.
- ઉત્તર-પશ્ચિમ ભારતની ટેકરીઓ અને હિમાલયની તળેટીમાં ભેજવાળી જમીન અને કળણભૂમિ.
- કાશ્મીર અને લદ્દાખના પહાડી પ્રદેશોનાં સરોવરો અને નદીઓ.
- આંદામાન-નિકોબાર ટાપુઓના ચેર જંગલો અને અન્ય જળપ્લાવિત વિસ્તાર.

ઘણા લોકો જળપ્લાવિત વિસ્તાર ને બિનઉપયોગી વિસ્તાર માને છે, અને તેથી વિકાસકીય કામગીરી માટે તેમનો નાશ કરી નાખે છે. જોકે, 1971માં ઈરાનના રમસાર શહેરમાં જળપ્લાવિત વિસ્તારપર યોજાયેલા સંમેલનમાં પહેલીવાર જળપ્લાવિત વિસ્તારનું મહત્વ અને તેની ઉપયોગીતા વિશ્વ સામે આવી હતી.

*જળપ્લાવિત વિસ્તાર સંરક્ષણ અને સંચાલન કાયદોવર્તમાન જળપ્લાવિત વિસ્તારના સુચારુ વહીવટ, સંરક્ષણ અને તેના ઘસારાને અટકાવવાનું સુનિશ્ચિત કરે છે.*

Under the EPA, 1986 (29 of 1936), the central government has identified certain wetlands for conservation and management under its conservation programme and provides financial and technical assistance to the state governments and union territory administrations for various conservation activities through approval of the Management Action Plans.

Wetlands are critical for human development and wellbeing, especially in India where a large number of people are dependant on them for drinking water, food and livelihood. Despite their immense importance, wetlands are one of the most degraded ecosystems globally. Research suggests that over-exploitation of fish resources, discharge of industrial effluents, fertilizers and pesticides and uncontrolled siltation and weed infestation, among other reasons, have wiped out or severely damaged over 1/3rd of India's wetlands.Wetland conservation has been accorded a high priority in India. Since 1987, the National Wetlands Conservation Programme of India has been financially supporting wetland conservation activities all over India. Under the Programme 115 wetlands have been identified for conservation and management till date. India is also a party to the Ramsar Convention under which 25 wetlands from India are included in the list of wetlands of international importance.

'Wetland' means an area of marsh, peatland or water, natural or artificial, permanent or temporary, with water that is static or flowing, fresh, brackish or salt, including areas of marine water, the depth of which at low tide does not exceed six meters, and includes all inland waters such as lakes, reservoirs, tanks, backwaters, lagoons, creeks, estuaries and man-made wetlands and the zone of direct influence on wetlands, that is to say the drainage area or catchment region of the wetlands as determined by the authority, but does not include main river channels, paddy fields and the coastal wetland covered under the notification of the Government of India in the Ministry of Environment and Forests, dated February 1991.

Based on the significance of the functions performed by the wetlands for overall well-being of the people and for determining the extent and level of regulation, the following wetlands shall be regulated under these rules, namely

- wetlands categorized as Ramsar Wetlands of International Importance under the Ramsar Convention as specified in the schedule
- wetlands in areas that are ecologically sensitive and important, such as national parks, marine parks, sanctuaries, reserved forests, wildlife habitats, mangroves, corals, coral reefs, areas of outstanding natural beauty or historical or heritage areas and the areas rich in genetic diversity
- wetlands recognized as or lying within a UNESCO World Heritage Site
- high-altitude wetlands or high-altitude wetland complexes at or above an elevation of 2500 metres with an area equal to or greater than five hectares
